પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૭ | ૨૭ જુન, ૨૦૨૧, રવિવાર; જયેષ્ઠ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**આજની પ્રાર્થના....**

મારા મનનાં અણુ એ અણુમાં, જાગો જીવન સ્વામી, તુજ જાગ્યે મુજ જીવન જાગે, દિવ્ય પ્રભા રહું પામી.

# કોરોનાની ત્રીજી લહેર ઘાતક નહિ હોય

## આઇસીએમઆરના નવા રિસર્ચમાં દાવો : રસીકરણ અભિયાનમાં વેગ લાવવામાં આવે તો ત્રીજી લહેરને આવવાથી રોકી પણ શકાય છે



પ્રતિકાત્મક તસવીર

ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના વાયરસની બીજી લહેરની ગતિ ધીમી પડવા સાથે ત્રીજી લહેર વિશે ઘણા પ્રકારના સમાચારો સામે આવી રહ્યા છે. હાલમાં જ મહારાષ્ટ્ર આરોગ્ય વિભાગની ટીમે પોતાના રિપોર્ટમાં કહ્યુ કે જો લોકોએ કોરોના વાયરસ સંબંધી પ્રોટોકૉલનુ પાલન કરવામાં બેદરકારી રાખી તો રાજયમાં મહામારીની ત્રીજી લહેર પણ આવી શકે છે. જો કે, આ દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ એક રાહતની માહિતી આપી છે. આઈસીએમઆરે પોતાના નવા રિસર્ચમાં જણાવ્યુ છે કે જો કોરોના વાયરસની ત્રીજી લહેર આવી તો તેની બીજી લહેર જેટલી ગંભીર હોવાની સંભાવના ઓછી છે.

લંડનની ઈમ્પીરિય કૉલેજના સહયોગથી કરવામાં આવેલ રિસર્ચમાં આઈસીએમઆરે જણાવ્યુ કે જો રસીકરણ અભિયાનમાં વેગ લાવવામાં આવે તો ત્રીજી લહેરને આવવાથી રોકી પણ શકાય છે. રિસર્ચ મુજબ, 'જ્યાં સુધી કોરોના વાયરસનો આ નવો વેરિઅંટ

● અનુસંધાન પાન-૭ પર

## ૪૦ કરોડ ટેસ્ટ સાથે ભારતનો વર્લ્ડ રેકોર્ડ

નવી દિલ્હી, તા.૨૬

કોરોનાની બીજી લહેરનુ જોર ઘટી ગયુ છે.ભારતમાં જોકે કોરોના ટેસ્ટિંગ વ્યાપક રીતે થઈ રહ્યુ હોવાનો દાવો ઈન્ડિયન કાઉન્સિલર ફોર મેડિકલ રિસર્ચ દ્વારા કરવામાં આવ્યો છે.

કાઉન્સિલે જાણકારી આપતા હક્યુ છે કે, જૂન મહિનામાં રોજ સરેરાશ ૧૮ લાખ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.અત્યાર સુધીમાં ભારતે ૪૦ કરોડ ટેસ્ટ કરીને નવો વિક્રમ સર્જયો છે.

દેશમાં જૂન મહિનાની પહેલી તારીખ સુધીમાં ૩૫ કરોડ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં જુલાઈથી મળશે જ્હોનસનની સિંગલ શોટ વેક્સિન

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં ૨૧ જૂનથી તમામ વર્ગ માટે શરૂ થયેલ વેક્સિન અભિયાનમાં કોવિશીલ્ડ, કોવેક્સિન અને સ્પૂતનિક વેક્સિન ઉપલબ્ધ છે. પણ હવે દેશમાં જ્હોનસન એન્ડ જ્હોનસનની વેક્સિન પણ ઉપલબ્ધ થઈ શકે છે. જેને કારણે કોરોના સામેની લડાઈમાં વધારે મદદ મળશે. દેશમાં જ્હોનસન એન્ડ જ્હોનસનની વેક્સિનની ખરીદી પ્રાઈવેટ સેક્ટરના માધ્યમથી કરી શકાશે. અને પ્રાઈવેટમાં પણ ખુબ જ ઓછી માત્રામાં આ વેક્સિન મળશે. સરકારે હજુ તેની ખરીદીને લઈને કોઈ સ્પષ્ટતા કરી નથી. હાલમાં દેશમાં કોવિશીલ્ડ અને કોવેક્સિનથી રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે.

## અનિલ દેશમુખના અંગત સચીવ અને પીએની ધરપકડ

### ઇડીએ ગયા મહિને સીબીઆઈની એફઆઈઆરનો અભ્યાસ કરીને ઘણા સામે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ફોજદારી કેસ નોંધ્યો

મુંબઈ,તા.૨૬

૧૦૦ કરોડની વસૂલીના મામલે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખની મુશ્કેલીઓ વધી રહી હોય તેવું લાગે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ પૈસાની લેતીદેતીના મામલે દેશમુખના અંગત સચિવ (પીએસ) અને અંગત મદદનીશો (પીએ) સંજીવ પલાંદે અને કુંદન શિંદેની ધરપકડ કરી છે. આ પહેલા શુક્રવારે ઈડીએ નાગપુરમાં અનિલ દેશમુખના ઘરે અને તેના સાથીદારોની મુંબઈ સ્થિત જગ્યાઓ પર શુક્રવારે દરોડા પાડ્યા હતા. ઈડીએ સીબીઆઈની એફઆઈઆરનો અભ્યાસ કર્યા પછી ગયા મહિને મની લોન્ડરિંગ એક્ટ હેઠળ દેશમુખ અને કેટલાક અન્ય લોકો સામે ફોજદારી કેસ નોંધ્યો હતો. બોમ્બે હાઈકોર્ટના આદેશ પર કેસ દાખલ કર્યા બાદ સીબીઆઈએ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી, જેના પગલે ઈડીએ કેસ નોંધ્યો હતો. હાઈકોર્ટે સીબીઆઈને દેશમુખ ઉપર મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંઘ દ્વારા લગાવવામાં આવેલા લાંચ અંગેના આરોપોની તપાસ કરવા કહ્યું હતું. અનિલ દેશમુખના

● અનુસંધાન પાન-૭ પર


મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

રામચંદ્ર મહારાજ | ૯૮૨૪૦ ૫૪૦૯૨
શ્રી મહાકાલી
કેટરર્સ & ડેકોરેશન

શુભ પ્રસંગે રસોઈ, મીઠાઈ, જ્યુસ અને વી.આઈ.પી. રીસેપ્શન તેમજ લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
સ્પે. પ્યોર જૈન મેનુ બનાવી આપવામાં આવશે.
સ્પે. કેટરીંગ ડીશ કોન્ટ્રાક્ટના ઓર્ડર લેવામાં આવશે.
સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૧૦૧/૧/બી, સાંવરીયા હોટલની પાછળ, શિવ ટિમ્બરની સામે, ગાંધીનગર
કોવિડ-૧૯ કોરોના વાયરસ અન્વયે સંપૂર્ણ કાળજી રાખીને રસોઈ અંગેની તમામ કામગીરી કરવામાં આવે છે.
૨૦, ૩૦, ૪૦ અને ૫૦ વ્યક્તિ સુધી કેટરીંગ સર્વિસ હાલ પુરતી ઉપલબ્ધ છે.




પરિવર્તનને અપનાવો. નેતૃત્વ કરતાં શીખો.
એડમિશન માટે આજે જ સંપર્ક કરો :
SIHM
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
સિધ્ધપુર, ગુજરાત
(AICTE Approved & GTU Affiliated)
એવી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરો કે ટોચની હોટલ ચેઈન્સ આપને પસંદ કરે
બેચલર ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી
પાત્રતા: ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) | કોર્સ અવધિ: ૪ વર્ષ

ભારતભરની ટોચની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સમાં ૧૦૦% પ્લેસમેન્ટ સહાય
સુવિધાઓ: અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નિષ્ણાત ફેકલ્ટી, યોગ્ય અધ્યાપન, રિસર્ચ લેબ, સ્પર્ધાઓ, કારકીર્દિ માર્ગદર્શન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્લેસમેન્ટ સેલ, હોસ્ટેલ સુવિધાઓ, SIHM ક્લબ, મેન્ટરશિપ, ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ

Gujarat Tourism
એડમિશન માટે સંપર્ક કરો: 9825784099 9825768099
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
ડેન્ટલ કોલેજની નજીક, દેથલી રોડ, ગામ: ખોલવાડા, તા: સિધ્ધપુર, જીલ્લો: પાટણ, ગુજરાત. ફોન: ૦૨૭૬૭-૨૨૧૫૨૫, ૨૨૪૫૨૫
ઈમેઈલ: info@sihm.ac.in | વેબસાઈટ: www.sihm.ac.in | www.gujarattourisom.com
એડમિશન માટે આજે સંપર્ક કરો :

VIHAAN
a new wave of living...
VIHAAN nirvana
2 BHK Apartments


Nr. Surya Retreat Bunglows,
Besides Sarthak Era Flats, Sargasan, Gandhinagar
CONCEPT to CREATION...
Rera No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA05134/250319
www.gujrera.gujarat.gov.in
exclusively marketed by The Property Shop
Call: Shailesh Patel +91 95587 88940, +91 95587 88936